**<u>ફોજદારી પરચુ. અરજી નં. ૭૫/૨૦૨૬ ના કામે અરજદાર/ભોગબનનારની ફીકસ ડીપોઝીટ રીલીઝ કરવાની અરજી તળે હુકમ :–</u>**

(૧) અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, હાલની અરજી મુળ પોકસો કેસ નં.૧૨/૨૦૨૧ નુ કામ ચાલી જતા આરોપીને સજા ફરમાવેલી અને ભોગબનનારને વળતર પેટે ત્રણ લાખ રૂપિયા ચુકવવા હુકમ કરેલો જે પૈકી ૫૦ % રકમ રાષ્ટ્રીકૃત બેંકમાં બાંધી મુદૃતના થાપણ તરીકે મુકવાનો હુકમ થયેલો અને તે બાંધી મુદૃતની થાપણનો પાકતી તા. ૨૭–૩–૨૦૨૯ ની છે અને જે સદરહુ પોકસો કેસના કામના ભોગબનનાર/અરજદારના નામની છે. વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદાર/ભોગબનનારની સગાઈ તા.૮–૨–૨૦૨૬ ના રોજ નકકી કરેલી અને તા. ૧૮–૩–૨૬ ના રોજ લગ્ન નકકી કરેલ હોય તેના ખર્ચને પહોંચી વળવા ફીકસ ડીપોઝીટમાં પડેલ રકમ રૂા. ૧,૫૦,૦૦૦/– વ્યાજ સાથે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજી અન્વયે સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલ છે જે અન્વયે વિ. પી.પી.શ્રી એન.કે. પુરોહીત હાજર થયેલા છે અને આ કામના તપાસ કરનાર અમલદારશ્રીને પણ નોટીસ કરી અરજી અન્વયે રીપોર્ટ મંગાવવા હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે આંક–૭ થી તપાસ કરનાર અમલદારશ્રીએ રીપોર્ટ રજુ રાખેલ છે તેમાં હાલના અરજદાર/ભોગબનનારની માતાનુ સામેલ નિવેદન ઘ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવા જણાવેલ છે.

તેમજ જુનાગઢ ,ડી.એલ.એસ.એ. સેક્રેટરી શ્રી નો શેરો ઘ્યાને લ ેતા પોકસો કેસ નં.૧૨/૨૦૨૧ ના કામે રૂા.૩,૦૦,૦૦૦/– નો વળતરનો હુકમ કરવામાં આવેલ. જે પૈકી રૂા.૧,૫૦,૦૦૦/– ઈન્ડીયન બેંક , જુનાગઢ ખાતે ફીકસ ડીપોઝીટમાં હોવાનુ અને તેની પાકતી મુદત તા.૨૭/૦૩/૨૦૨૯ હોવાનુ જણાવેલ છે.

(૩) અરજદારની અરજી, બન્ને પક્ષોની રજુઆત, તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ તથા રજુ સાધનીક કાગળો ધ્યાને લેતા અરજદારની અરજીને સમર્થન મળે છે ત્યારે આંક-૪૬ ના લીસ્ટ સાથે રજુ એફ.ડી. ની નકલ ધ્યાને લેતા તે હાલના અરજદારના નામે હોવાનુ અને તેમાં અરજીમાં જણાવ્યા મુજબની રકમ હોવાનુ જણાઈ આવે છે. વધુમાં આ કામે મુળ પોકસો કેસ નં.૧૨/૨૦૨૧ નો હુકમ જોવામાં આવે તો હુકમ મુજબ જમા થયેલ રકમ અંગે ૫૦ % રકમ ફીકસ ડીપોઝીટમાં મુકવામાં આવેલ હોવાનુ સેક્રેટરી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જૂનાગઢનો આંક-૧ નીચેનો શેરો વંચાણે લેતા જણાઈ આવે છે. વધુમાં હાલની અરજીના અરજદાર/ભોગબનનારના લગ્ન તા.૧૮-૩-૨૦૨૬ ના રોજ હોય જે અંગેની લગ્નની કંકોત્રી જોતા જણાઈ આવે છે ત્યારે તેના ખર્ચને પહોંચી વળવા અરજદારે ફીકસ ડીપોઝીટની રકમની વ્યાજ સહીતની માંગણી કરેલ છે પરંતુ, સદરહુ મુળ પોકસો કેસની હકીકત ધ્યાને લઈ કાયદા અનુસાર હાલના અરજદાર/ભોગબનનાર ને વળતર ચુકવવા હુકમ કરવામાં આવેલ છે ત્યારે અરજદારે માંગેલ પુરી રકમ ચુકવવી વ્યાજબી અને ન્યાયી જણાતુ નથી અને એ હકીકત રેકર્ડ ઉપર છે કે, હાલના અરજદાર/ભોગબનનારના લગ્ન હોય અને તે ખર્ચને પહોચી વળવા તથા ભવિષ્યમાં ભોગ બનનાર આર્થિક મદદ રહે અને તેણીના ભવિષ્યમાં આવનાર ખર્ચનો પણ વિચાર કરી , અરજદારની અરજી અંશત: મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- અરજદારની હાલની અરજી અશત:મંજુર કરવામાં આવે છે.

- અરજદાર/ભોગબનનારની ઈન્ડીયન બેંક, જૂનાગઢની રૂા. ૧,૫૦,૦૦૦/- એફ.ડી.ની રકમ તથા તેમાં આજ સુધી જમા થયેલ વ્યાજની રકમ સહીતની રકમ રીલીઝ કરી તે પૈકી રૂા. ૧,૦૦,૦૦૦/- ચુકવી આપવા તથા

બાકીની રકમની એફ.ડી. ભોગબનનારના નામની બાકી રહેતા સમય માટે મુકવા હુકમ કરવામાં આવે છે.

– આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે જરુરી યાદી કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.
તા. ૧૩–૦૩–૨૦૨૬

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)